This Question Paper contains 16 printed pages.
*(Part - A & Part - B)*

Sl.No.

# 01(G)

**(MARCH, 2018)**
**(New Course)**

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ **OMR** શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. **Set No. of Question Paper circle against which is to be darken in OMR sheet.** |
|---|
| **13** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને **OMR** શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે **OMR** શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે **(A) O, (B) O, (C) O, (D) O** આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકની ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને **OMR** પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) સાચા સમાનાર્થી શબ્દો શોધી યોગ્ય જોડકાં જોડી સાચો વિકલ્પ શોધો.

(1) મેહ - (a) દીવો, દીપ

(2) નેહ - (b) સોનું, સુવર્ણ

(3) કંચન - (c) હેત, સ્નેહ

(4) દીપક - (d) વરસાદ, મેઘ

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(B) 1 - b, 2 - c, 3 - a, 4 - d
(C) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(D) 1 - a, 2 - b, 3 - c, 4 - d

2) 'પરહિત' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપો.

(A) પારકાનું હિત

(B) સ્વેચ્છા

(C) સ્વહિત

(D) સ્વબળ

3) 'ભાળ' – તળપદા શબ્દનું માન્ય શિષ્ટ રૂપ આપો.

(A) કપાળ

(B) ભાળવું

(C) ભાત

(D) પત્તો, ખબર

4) 'કૂંચી' શબ્દનો અર્થ જણાવો.

(A) મહોલ્લો

(B) ભંડાર

(C) ઘાસ

(D) ચાવી

5) 'પરીણિત' શબ્દને કયો પ્રત્યય લાગ્યો છે ?

(A) પૂર્વ અને પરપ્રત્યય બંને

(B) પર પ્રત્યય

(C) એક પણ નહિ

(D) પૂર્વ પ્રત્યય

6) વિનુકાકા ભણાવતા તેમાં અંકિત ધ્યાન આપતો ન હતો, શા માટે ? પાઠના આધારે સાચો વિકલ્પ શોધો.

(A) વિનુકાકા જે ભણાવતાં તેમાં અંકિતને રસ નહોતો માટે.

(B) વિનુકાકા વારે વારે અંકિતને ઊતારી પાડતા માટે.

(C) અંકિતને વિનુકાકાનો ડર લાગતો હતો માટે.

(D) વિનુકાકા શિક્ષા કરતા માટે.

7) નરેનના આંગણામાં ખીલેલા ગુલમહોરની ઉંમર કેટલી છે ?

(A) નરેનની ઉંમર જેટલી જ

(B) નરેન અને સલોનીની બંનેની ઉંમરના સરવાળાથી પણ વધારે

(C) પંદર વર્ષની

(D) પાંચ વરસની

8) તાડકા નામની રાક્ષસીનો ઉલ્લેખ કયા પાઠમાં કરવામાં આવ્યો છે ?

(A) વાઈરલ ઈન્ફેક્શન

(B) ગતિભંગ

(C) વિરલ વિભૂતિ

(D) જન્મોત્સવ

9) 'ગૃહ પ્રવેશ' વાર્તા સંગ્રહમાંથી કઈ વાર્તાનો સમાવેશ આપણા પાઠ્ય પુસ્તકમાં સમાવિષ્ટ થયો છે ?

(A) ખરી પડેલો ટહૂકો, અણસાર

(B) ભૂખથી ભૂંડી ભીખ

(C) જન્મોત્સવ

(D) ગતિભંગ

10) મોહનલાલ પટેલના લઘુકથા સંગ્રહો કયા-કયા છે ? 'ગતિભંગ' કૃતિના આધારે જણાવો.

(A) ખરી પડેલો ટહૂકો, અણસાર

(B) ઝાકળમાં સૂરજ ઊગે, પોલિટેક્નિક

(C) પ્રત્યાલંબન, રખડુનો કાગળ

(D) પ્રત્યાલંબન, ઝાકળમાં સૂરજ ઊગે

11) 'વિરલ વિભૂતિ' કૃતિમાં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ તા ....... ના રોજ થયો હતો.

(A) 15-09-1967　　(B) 08-09-1867

(C) 09-11-1867　　(D) 11-09-1867

12) લેખક (જવાહરલાલ)ને કાશ્મીર જવાની ઘણીય ઈચ્છા હતી છતાં તેઓ જઈ શક્યા નહિ કારણ કે......

(A) તેઓ રાજકારણ સંબંધી કામોમાં ગૂંચવાઈ ગયા હતા.

(B) તેમને જેલવાસ થયો હતો.

(C) તેમને આર્થિક મુશ્કેલી હતી.

(D) તેઓ સતત બીમાર રહેતા હતા.

13) ડાંગવનો અને ..... કૃતિમાં લેખકે કયા કવિની પંક્તિઓનો વારંવાર ઉપયોગ કર્યો છે ?

(A) વિનોદ જોષી　　(B) મકરંદ દવે

(C) હરીન્દ્ર દવે　　(D) રાજેન્દ્ર શુક્લ

14) 'છત્રી' ખરીદવી જ ન પડે તે માટે દુકાનદારે કઈ સલાહ આપી ?

(A) ચાતુર્માસમાં ઘરે જ રહેવું　　(B) એક ટાણાં કરવાં

(C) પ્રભુ ભજન કરવું　　(D) A, B, C ત્રણેય સાચાં

15) 'ચોપડાની ઈન્દ્રજાળ' કૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) નવલકથા

(B) નવલિકા

(C) આત્મકથા ખંડ

(D) નવલકથા ખંડ

16) કેમ ભાઈ, પટેલ, તું આ પેટિયું નથી લેતો ? - આ વિધાન કોણ કોને ઉદ્દેશીને કહે છે ?

(A) કાળુ રાજુને કહે છે.

(B) સિપાહી કાળુને કહે છે.

(C) રાજુ કાળુને કહે છે.

(D) શેઠ કાળુને કહે છે.

17) આંબા પટેલની ઘોડી શેત્રુંજી નદીમાં ખાબકી ત્યારે ગામના લોકો એ આંબા પટેલને કેવા કહ્યા ?

(A) આંધણું પગલું ભરનારો

(B) છાતીસલો

(C) છોકરમત કરનારો

(D) મૂરખ

18) 'રેસનો ઘોડો' કૃતિમાં નીનાબહેન અને સંજયને શાથી હાશ થઈ ? યોગ્ય કારણ શોધો.

(A) શાળા બદલવાથી.

(B) અંકિત-સૌરભનો વર્ગ જુદો થવાથી.

(C) સૌરભ નાપાસ થવાથી.

(D) અંકિત નાપાસ થવાથી.

19) સ્ટેશનેથી રાતના સાડા અગિયાર વાગે કઈ ગાડી પસાર થઈ ચૂકી હતી ? 'જન્મોત્સવ' કૃતિના આધારે જણાવો.

(A) અમદાવાદ -મુંબઈ - લોકલ

(B) ગુજરાત એક્ષપ્રેસ

(C) જનતા એક્ષપ્રેસ

(D) ગુજરાત મેલ

20) નીચેની કૃતિઓમાંથી કઈ કૃતિનો સાહિત્ય પ્રકાર 'ચરિત્ર નિબંધ' છે ?

(A) વિરલ-વિભૂતિ

(B) ચોપડાની ઈન્દ્રજાળ

(C) જન્મોત્સવ

(D) છત્રી

21) 'સકળ તીરથ તેના તનમાં રે'.... વૈષ્ણવજન કાવ્યના આધારે પંક્તિનો અર્થ જણાવો.

(A) વૈષ્ણવજને બધા જ તીર્થ ધામોની માહિતી મેળવેલ છે.

(B) વૈષ્ણવજન ચાર ધામની યાત્રા કરે છે.

(C) વૈષ્ણવજન પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે.

(D) વૈષ્ણવજન પોતે જ તીર્થ રૂપ છે.

22) માધવને દીઠો છે ક્યાંય ? કાવ્યમાં રાધાની આંખમાં ઉદાસી હોવાનું કારણ ......

(A) કૃષ્ણ માટેનો વિરહ

(B) યમુનાનું વ્હેણ

(C) કૃષ્ણ મિલન

(D) કદંબની ડાળ

23) 'દીકરી' કાવ્ય કવિ અશોક ચાવડાના કયા સંદર્ભમાંથી લેવામાં આવ્યું છે ?

(A) પગરવ પંખીમાંથી

(B) પગરવમાંથી

(C) પગરવ તળાવમાંથી

(D) પગલાં તળાવમાંથી

24) 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના વ્યક્ત કરતું કાવ્ય એટલે ......

(A) શિકારીને

(B) વૈષ્ણવજન

(C) હું એવો ગુજરાતી

(D) એક બપોરે

25) નીચેનામાંથી કઈ જોડ ઉચિત નથી ?

(A) વતનથી વિદાય થતાં - જયંત પાઠક

(B) દિવસો જુદાઈના જાય છે ? - ગની દહીંવાલા

(C) એક બપોરે - કલાપી

(D) બોલીએ ના કાંઈ - રાજેન્દ્ર શાહ

26) ગંગાસતીનું પુરું નામ જણાવો.

(A) ગંગાબા કહળસંગ ગોહિલ

(B) ગંગાબા કંચનભાઈ ગોહિલ

(C) ગંગાબા કરમસંગ ગોહિલ

(D) ગંગાબા કરશનભાઈ ગોહિલ

27) "હું એવો ગુજરાતી" કાવ્યમાં કવિએ કઈ નદીનો ઉલ્લેખ કર્યો છે ?

(A) સરસ્વતી

(B) નર્મદા

(C) શેત્રુંજી

(D) તાપી

28) 'વતનથી વિદાય થતાં' કાવ્યમાં કવિ શ્રી જયંત પાઠકે કયા અલંકારો પ્રયોજ્યા છે ?

(A) શ્લેષ, વ્યાજસ્તુતિ
(B) અનન્વય, ઉત્પ્રેક્ષા
(C) વ્યતિરેક, સજીવારોપણ
(D) ઉપમા, રૂપક, દૃષ્ટાંત

29) નીચેના વિકલ્પોમાંથી કૃતિની સામે સાહિત્ય પ્રકાર આપેલો છે તો સાચો વિકલ્પ શોધો.

(A) માધવ દીઠો છે ક્યાંય ? - ઊર્મિગીત
(B) શિકારીને - ગીત
(C) એક બપોરે - ગઝલ
(D) વૈષ્ણવજન - લોકગીત

30) 'બોલીએ ના કાંઈ' કાવ્ય દ્વારા 'હૃદય ખોલવું' એટલે કવિ શું કહેવા માગે છે ?

(A) બીજાનું કહ્યું કરવું
(B) પોતાની વાત બીજાને કહેવી
(C) કાંઈ બોલવું નહીં
(D) બીજાની વાત સાંભળવી

31) ગરીબ સ્ત્રીની ચૂંદડી ક્યાં સુધી સાથે રહે છે ? ગની દહીંવાલાની ગઝલના આધારે લખો.

(A) તેના કફન સુધી
(B) પાંચ વર્ષ સુધી
(C) સવારથી સાંજ સુધી
(D) એક વર્ષ સુધી

32) રાવજી પટેલની કઈ કૃતિ આપણા અભ્યાસક્રમમાં સમાવિષ્ટ પામી છે ?

(A) વતનથી વિદાય થતાં
(B) એક બપોરે
(C) ચાંદલિયો
(D) મારી આંખે કંકુના સૂરજ આથમ્યા

33) 'ચાંદલિયો' લોકગીતમાં કાવ્યનાયિકાએ 'જેઠ'ને કોની ઉપમા આપી છે ?

(A) મોરલાની (B) ચાંપલિયાની

(C) ગુલાબની (D) મોગરાની

34) કવિશ્રી 'બરકત વીરાણી' નું તખલ્લુસ નામ જણાવો.

(A) શૂન્ય (B) બેફામ

(C) આદિલ (D) બે દિલ

35) 'હાઈકુ' પ્રકારનું કાવ્ય કેટલી પંક્તિનું હોય છે ?

(A) ત્રણ (B) સાત

(C) સત્તર (D) પાંચ

36) નીચે આપેલ શબ્દમાંથી સાચી જોડણી ધરાવતો શબ્દ અલગ તારવો.

(A) નિરામીસ (B) નિર આમિષ

(C) નિરામીષ (D) નિરામિષ

37) નીચેના શબ્દો પૈકી કયો શબ્દ ખોટી જોડણી દર્શાવે છે ?

(A) વીકેન્દ્રિત (B) નિઃશુલ્ક

(C) વિખ્યાત (D) દુષ્પ્રાપ્ય

38) 'અંગરક્ષક' શબ્દના સાચા ધ્વનિ ઘટક ઓળખો.

(A) અં + ગ + ર + ક્ષ + ક

(B) અં + ગ + અ + ર્ + ક્ષ્ + ક્ + અ

(C) અ + ગ્ + અ + ર્ + અ + ક્ + સ્ + અ + ક્

(D) અં + ગ્ + અ + ર્ + અ + ક્ + ષ્ + અ + ક્

39) સંધિના નિયમ મુજબ ' અન્વેષણા' શબ્દની સાચી રીતે છોડેલી સંધિ ઓળખો.

(A) અન + એષણા

(B) અનુ + ઐષણા

(C) અન + વૈષણા

(D) અનુ + એષણા

40) નીચેના વિકલ્પોમાંથી કયા વિકલ્પની સંધિ ખોટી રીતે થઈ છે ? તે શોધો.

(A) અધ્ય + અક્ષ = અધ્યક્ષ

(B) પ્ર + અર્થના = પ્રાર્થના

(C) વિ + અસન્ = વ્યસન

(D) નર + ઈન્દ્ર = નરેન્દ્ર

41) પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે વિભક્તિના પ્રત્યયો મૂકી શબ્દને છુટ્ટા પાડતાં કયો સમાસ બનશે ?

(A) બહુવ્રીહિ સમાસ

(B) તત્પુરુષ સમાસ

(C) મધ્યમલોપી સમાસ

(D) દ્વન્દ્વ સમાસ

42) નીચેના વાક્યોમાંથી કયા વાક્યમાં દ્વિગુ સમાસ રહેલો છે તે શોધો. (સમાસને રેખાંકિત કરેલા છે)

(A) વિવિધલક્ષી શાળા સૌને ગમે છે.

(B) પંચવટી એ પ્રકૃતિનું ધામ છે.

(C) રેખાબેનની જીવનશૈલિ અનોખી છે.

(D) યતીન અને જતીન જકાતનાકે ઊભા હતા.

43) નીચેના વાક્યમાંથી રેખાંક્તિ – ક્રિયા વિશેષણનો પ્રકાર જણાવો.

– આસાનીથી મેળવેલા ધનની કિંમત સમજાતી નથી.

(A) પરિણામવાચક (B) સ્થળવાચક

(C) સમયવાચક (D) રીતવાચક

44) અંજલિ વાત કરે છે. – કર્મણિ વાક્ય શોધો.

(A) અંજલિ વાત કરશે નહીં. (B) અંજલિ વાત કરશે.

(C) અંજલિ વાત કરવાની છે. (D) અંજલિથી વાત કરાય છે.

45) 'વિરાટ મનીષાને અભિનંદ આપે છે.' – ભાવે વાક્ય બનાવો.

(A) વિરાટે મનીષાને અભિનંદન આપ્યા હતા.

(B) વિરાટ મનીષાને અભિનંદન આપશે.

(C) વિરાટે મનીષાને અભિનંદન આપ્યા.

(D) વિરાટ વડે મનીષાને અભિનંદન અપાય છે.

46) જ્યારે એક જ શબ્દના એકથી વધુ અર્થ થતા હોય અને તેને કારણે ચમત્કૃતિજન્ય અર્થ સૌંદર્ય નીપજતું હોય તેવા અલંકારને ........... અલંકાર કહેવાય છે.

(A) સજીવારોપણ અલંકાર (B) શ્લેષ અલંકાર

(C) અનન્વય અલંકાર (D) ઉપમા અલંકાર

47) અનન્વય અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

(A) ચાતક, ચકવા, ચતુરનર પ્રતિદિન ફરે ઉદાસ

(B) દમયંતીની આંખ જાણે બે અંગાર

(C) મનેખ જેવા મનેખનેય કપરો કાળ આવ્યો છે.

(D) જાદવ સ્ત્રી તાળી દઈને હસે.

48) 'એક સાથે જેમાં ઘણા દીવા રાખી શકાય તેવું કાચનું શુશોભન – શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

(A) ટ્યુબ લાઈટ (B) શીશમહેલ

(C) ઝુમ્મર (D) શીશદાની

49) ''મનના મેલા હોવું'' – રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) ખરાબ દાનતના હોવું. (B) મન મલિન થઈ જવું.

(C) મનને સાફ ન રાખવું. (D) મનને મેલ લાગવો.

50) કહેવતનો સાચો અર્થ લખો.

– ''બોડીને તાં વળી કાંહકી કેવી ? ''

(A) જેની પાસે ખાવાનું ન હોય તેની પાસે સાધન ક્યાંથી ?

(B) રંકની પાસે વાળ ઓળવા કાંસકી ક્યાંથી હોય ?

(C) કાંસકી ખરીદવા પૈસા ક્યાંથી કાઢવા ?

(D) માથે વાળ ન હોય તેની પાસે કાંસકી ન હોવી.

# 01(G)

(MARCH, 2018)
(New Course)

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુધ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે. પ્રશ્નની સૂચના સમજીને જવાબો લખવા.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

### વિભાગ - A

■ નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. [4]

1) રાતો ચોપડો ફાડી નાખવા બદલ લેખકનું મનોમંથન કેવું હતું તે વર્ણવો.

અથવા

આરોગ્ય અંગે લેખક ગુણવંત શાહે સૂચવેલા જાગૃતિનાં પગલાં જણાવો.

■ નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.

2) ''બેટા ચાલ, બહુ મોડું થઈ ગયું'' વિનુકાકાના આ વાક્યનો ગૂઢાર્થ સમજાવો. [2]

3) કૃષ્ણ અને કિસનના જન્મમાં શો તફાવત છે ? [2]

અથવા

''ધિક્ પડ્યો એ અવતાર ને ધિક્ પડ્યું એ જીવવું !'' આ શબ્દો કાળુના મુખેથી ક્યારે સરી પડ્યા ?

■ નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર જવાબ લખો. [3]

4) 'દિવસો જુદાઈના જાય છે' ગઝલમાં ગનીની મનઃ સ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.

અથવા

કાવ્યનાયિકાએ 'ચાંદલિયો' લોકગીતમાં નણદોઈને પોતાની વાડીનો મોરલો કેમ કહ્યો છે ?

■ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.**

**5)** 'શીલવંત સાધુને' કાવ્યની કવયિત્રી વારંવાર નમવાનું શા માટે કહે છે ? **[2]**

**6)** 'દીકરી' કાવ્યમાં 'સૂર શરણાઈ, સગાસંબંધીઓની ભીડમાં, ભીની પલક' શબ્દો શું સૂચવે છે ? **[2]**

અથવા

કેડીએ ચાલતા કવિ શાનો અનુભવ કરી રહ્યા છે ?

## વિભાગ -B

■ **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[5]**

**7)** પ્રત્યેક નાના મોટા વિદ્યાર્થીએ લાયબ્રેરીનું વ્યસન પાડવા જેવું છે. વિદ્યાર્થી તરીકે દિવ્યાસંગ કેળવવો હિતાવહ છે. લાયબ્રેરીની નિયમિત મુલાકાત લઈને એકાદ-બે કલાક ત્યાંના શાંત, પવિત્ર અને પ્રેરણા સભર વાતાવરણમાં ગાળવાથી તમને જે અભ્યાસ પ્રેરણા જાગે છે, તે અપાર છે. પુસ્તકો, સામયિકો, સંદર્ભગ્રંથો વગેરે જિજ્ઞાશા ખાતર વાંચો, તેનો લાભ જરૂર મળવાનો છે. અરે, કેવળ કુતૂહલવશ થઈને પણ લાયબ્રેરીમાં આ મેગેઝિનોનાં પાનાં ઉથલાવશો તો ય તમને નવા વિચારો, નવી દૃષ્ટિ, વિશેષ માહિતી લાધશે, જે તમારા જ્ઞાન અને સમજમાં વધારો કરશે અને જો તમે કોઈ વિશિષ્ટ બાબતની માહિતી મેળવવા કે નિશ્ચિત મુદ્દાઓ પર અભ્યાસ કરવા ઈચ્છતા હો તો, તમારું લાયબ્રેરી-વ્યસન ચુસ્ત અને અતૂટ હોવું ઘટે.

■ **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** **[5]**

**8)** ''કાયા છે માટી સમી, ઘડિયે તેમ ઘડાય,
કંચન એ ત્યારે બને, જેમ કસોટી થાય. ''

અથવા

આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ,
તે ઘર કદી નવ જઈએ, ભલે કંચન વરસે મેહ.

## વિભાગ - C

**9)** તમારી નાની બહેનને 'ખેલ મહાકુંભ' સ્પર્ધામાં 'કબ્બડી' વિભાગમાં પ્રથમ ઈનામ મળ્યું છે. તો અભિનંદન આપતો પત્ર લખો. **[5]**
(પત્રમાં તમારું નામ, સરનામુ કે સહીનો ઉલ્લેખ કરવો નહીં)

**10)** અતિવૃષ્ટિને કારણે સર્જાયેલી તારાજી અને જાનહાનિનો અહેવાલ આશરે એકસો (100) શબ્દોમાં લખો. **[5]**

## વિભાગ - D

■ **નીચેનો ગદ્યાંશ વાંચીને, તેની નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય પર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે. છતાં વિદ્યા પામતા નથી. તેજ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે. પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ, મેળવવાની વસ્તુ લે નહિ તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બ્રાહ્ય આચરણમાં પુરાઈ રહે છે ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં કોઈ વિશેષ ગુણ રહેલો છે.એથી માણસનું લક્ષ ભ્રષ્ટ થાય છે. આખા દેશમાં સાધનામાર્જિત, ચિત્તશક્તિ જેમ-જેમ મલિન થતી ગઈ તેમ-તેમ આ નિરર્થક બ્રાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલ કરવી જ પડશે.

- રવીન્દ્રનાથ ટાગોર

11) તીર્થમાં જનાર બધા કેમ સાચું ફળ મેળવી શકતા નથી ? [1]

12) સાચા અર્થમાં વિદ્યા પ્રાપ્ત ન કરનાર માટે ટાગોરે શું કહ્યું છે ? [1]

13) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. [1]

■ **નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

જીવન આ પાર વિનાની
કેવી છે જંજાળ !
એક પતે ત્યાં અનેક જાગે
ઝંખનાઓની જાળ.
સમદરને પણ આરો છે જ્યાં
શમતી જલની માળ,
શિખર સહુ પર્વત કેરાં
અટકે નભ વચાળ.
પણ મન તૃષ્ણાની આ
અવિરત ઊમટે હાર,
મન છે મારું - પણ એ પાસે
હું જ બનું લાચાર !
અતૃપ્તિના દાવાનળની
કેમ ઠારવી ઝાળ ?
કેમ પામવું જીવતરને આ
કોઈ આપશો ભાળ ?

- ગીતા પરીખ

14) કવયિત્રીના મતે જીવનની જંજાળ કેવી છે ? [1]

15) કવયિત્રી સમદર અને શિખરના દૃષ્ટાંત દ્વારા શું કહેવા માગે છે ? [1]

16) આ કાવ્યમાં મન કેમ લાચાર બની જાય છે ? [1]

17) કવયિત્રી ગીતા પરીખની મૂંજવણ જણાવો. [1]

■ **ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત બસો પચાસ (250) શબ્દોમાં નિબંધ લખો.** **[8]**

18) <u>દીકરી ઘરની દીવડી</u>

મુદ્દા - પ્રસ્તાવના - દીકરીનો અવતાર - દીકરા - દીકરીમાં ભેદ - દીકરીઓ પ્રત્યે બદલાતું સમાજનું વલણ - દીકરીઓને અપાતા હક - વિવિધ ક્ષેત્રે દીકરીઓનું પ્રદાન - ઉપસંહાર

અથવા

<u>માતૃભાષાનું મહત્ત્વ</u>

મુદ્દા - પ્રસ્તાવના - ભાષાબોલીઓની વિવિધતા - માતૃભાષા શીખવા માટેનું પ્રથમ સોપાન - શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ - વર્તમાન સ્થિતિ - માતૃભાષાને અપાતું પ્રોત્સાહન - ઉપસંહાર

અથવા

<u>પ્રવાસનું મહત્ત્વ</u>

મુદ્દા - પ્રસ્તાવના - પ્રવાસનું મહત્ત્વ - પ્રવાસના ફાયદા - પ્રવાસ જ્ઞાનનો ખજાનો - વિશાળ જન સંપર્ક - આધ્યાત્મિક મૂલ્ય

♠♠♠♠